શ્રી એમ. સ્પેશ. વર્ઢે

# પરીપત્ર

વંચાણે લીધુ :– તા. ૮–૧૦–૦૪ ના ટી.ડી.ઓ નં ૨૪૪૩

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામની વિકાસ પરવાનગીના કામે જુદી જુદી વિગતોએ અમલ કરાવવા જુદી જુદી ડીપોઝીટો વસુલ લેવામાં આવે છે. જે મુજબ વૃક્ષારોપણ ડીપોઝીટની રકમ તા. ૮–૧૦–૦૪ ના પરીપત્ર નં.ટીડીઓ નં ૨૪૪૩ મુજબ વસુલ લેવામાં આવે છે.વૃક્ષારોપણ /વનીકરણ બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ધ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૧૨૨ હેઠળ મળેલ સત્તાની રૂએ તા.૧૦–૩–૧૦ ના ક્રમાંક નં.વનમ–૧૦૦૮–૩૨૬૦–લ ના હુકમથી વિકાસ પરવાનગી આપવા બાબતે કેટલીક સુચનાઓ આપેલ છે. જે અન્વયે નીચે જણાવ્યા મુજબ અમલ કરવો.

(૧) ૧૦૦ ચો.મી થી વધુ ક્ષેત્રફળ ધરાવતા પ્લોટો/ જમીનોમાં વિકાસ પરવાનગી આપની વખતે દર ૧૦૦ ચો.મી અથવા તેના ભાગ માટે ૩ વૃક્ષોનુ વાવેતર/ જાળવણી કરવાની જોગવાઈ કરવી.

(૨) વિકાસ પરવાનગી આપતી વખતે ઉપર મુજબ વૃક્ષોના વાવેતર કરવાની શરત રાખવી તથા એક વૃક્ષ દીઠ રૂ.૫૦૦/– (અંકે પાંચસો પુરા) ની રકમ ડીપોઝીટ તરીકે જમીન ધારક/ વિકાસકાર પાસેથી વસુલ કરવી.

(૩) વિકાસ પરવાનગી આપ્યા બાદ પાંચ વર્ષ બાદ તેની ચકાસણી કરવાની રહેશે તથા જો યોગ્ય રીતે વૃક્ષ ઉછેર કરવામાં આવેલ હોય તથા તેની જાળવણી માટે યોગ્ય વ્યવસ્થા કરાયેલ હોય તો ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે અને જો યોગ્ય રીતે વૃક્ષ ઉછેર કરવામાં આવેલ ન હોય અથવા તેની જાળવણી માટે યોગ્ય વ્યવસ્થા કરાયેલ ન હોય તો ડીપોઝીટની રકમ જપ્ત કરવાની રહેશે.

(૪) ઉપર મુજબની ડીપોઝીટ ની રકમની વસુલાત વિકાસ પરવાનગી આપતી વખતે જ કરવાની રહેશે તેમજ તે અંગેનું અલગથી એકાઉન્ટ હેડ, એકાઉન્ટ વિભાગે નિભાવવાનું રહેશે તથા આ રીતે એકત્રીત થયેલ રકમ પૈકી જપ્ત કરાયેલ રકમનો ફક્ત વૃક્ષ ઉછેરના/વૃક્ષોની જાળવણીના હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૫) ગાર્ડન ખાતાએ ચોમાસુ સીઝન ધ્યાને લઈ વૃક્ષારોપણ માટે વાર્ષિક કાર્યક્રમ નકકી કરવાના રહેશે અને તે મુજબની જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૬) વૃક્ષારોપણ/ વૃક્ષ ઉછેર માટે એટલે કે કેવા પ્રકારના વૃક્ષો વાવવા, કઈ રીતે જાળવણી કરવી વિગેરે બાબતો નકકી કરવા માટે વન અને પર્યાવરણ વિભાગની સુચનાઓ અનુસરવાની રહેશે તથા જરૂર પડયે તે વિભાગના અધિકારીઓંનું માગદર્શન મેળવવાનું રહેશે.

ઉકત મુજબની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

મુળપ્રત પર કમિશનરશ્રીની સહી છે.

સહી/–
કમિશનર
સુરત મહાનગરપાલિકા.

નં.ટીડીઓ/૧૦૪૯
તા ૧૪/ ૦૬/૨૦૧૦

નકલ સ.રવાના:– ડેપ્યુટી કમિશનરશ્રી (પી એન્ડ ડી) પ્રતિ..... જાણ માટે.
નકલ સ.રવાના:– ડેપ્યુટી કમિશનરશ્રી (સ્પે) પ્રતિ..... જાણ માટે.
નકલ સ.રવાના:– ડેપ્યુટી કમિશનરશ્રી (ફાયનાન્સ) પ્રતિ..... જાણ માટે.
નકલ સ.રવાના:– તમામ ઝોનનાં વિભાગીય વડાશ્રીઓ પ્રતિ...જાણ માટે.
નકલ રવાના :– ગાર્ડન સુપ્રિટેન્ડન્ટશ્રી પ્રતિ.. જાણ તથા અમલ માટે.
નકલ રવાના :– નગર નિયોજકશ્રી (શહેર વિકાસ ખાતુ) પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
નકલ રવાના :– હિસાબનીશશ્રી પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
નકલ રવાના :– તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ....જાણ તથા અમલ માટે.